## (B) રૂરલ સ્ટડીઝનાં, ઉચ્ચ શિક્ષણનાં મહા વિદ્યાલયોનાં કાયમી માન્યતાનાં નોર્મ્સ - સ્ટેન્ડર્ડ્ઝ ધોરણો.

શરતો:

૧.૦ રૂરલ સ્ટડીઝના સ્નાતકો જે 'ગ્રામ વિદ્યા વિશારદ' (B.R.S.) તરીકે જાણીતા છે. તેમના અભ્યાસક્રમનાં મુખ્ય પાસાં છે. :-

(A) ખેતી, ગોપાલન, બાગાયત, પશુપાલન, ઈજનેરી / ગ્રામ્ય ગૃહવિજ્ઞાન - આરોગ્ય, પર્યાવરણ, વિસ્તરણ, શૈક્ષણિક અને પ્રાયોગિક

(B) શાસ્ત્રી વિષયો :- અર્થશાસ્ત્ર - ગ્રામ અર્થશાસ્ત્ર - ગાંધીજીવન મીમાંસા - રાજનીતિ - આંકડાશાસ્ત્ર - ગાંધી જીવન દર્શન - જગતના ધર્મો - ભાષાઓ - ગુજરાતી - હિન્દી અથવા અંગ્રેજી - ઈતિહાસ.

(C) પ્રાયોગિક કાર્યો :- પશુપાલન વિષય માટે - પ્રયોગશાળા, ખેતવિદ્યાની પ્રયોગશાળા તરીકે ફાર્મ - બાગાયત વિષયની પ્રયોગશાળા તરીકે નર્સરી - ગૃહવિજ્ઞાન પ્રયોગશાળા તરીકે સિવણ - પાક વિજ્ઞાન પ્રયોગશાળાઓ.

(D) અભ્યાસપૂરક કાર્યક્રમો :- આદિવાસી વિસ્તાર પરિચય શિબિર - ગ્રામ સેવા શિબિર - એન.એસ.એસ. શિબિર - કેન્દ્ર નિવાસ, શિક્ષણ નિવાસ, નિયત શ્રમકાર્ય - અભ્યાસ પ્રવાસ - મુખ્ય વિષય શૈક્ષણિક પ્રવાસ.

(E) વિદ્યાર્થી ઘડતરની પ્રવૃત્તિઓ :- પ્રાર્થના - સફાઈ - ગ્રામ સંપર્ક, રમત-ગમત, ઉત્સવ ઉજવણી - રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી - વકતૃત્વ સ્પર્ધા - વ્યાખ્યાનોનું આયોજન - સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ.

૨.૦ અભ્યાસક્રમના સંદર્ભે - પરત્વે દરેક વિદ્યાર્થીમાં ગ્રામ વિદ્યાપીઠની શૈક્ષણિક જરૂરિયાત ઉભી કરવી - તેમનામાં રસ-રૂચિ-વલણો ખીલવવાં - અભ્યાસક્રમને પહોંચી વળે તેવી ક્ષમતાઓનો વિકાસ કરવો.

૩.૦ એ માટે વર્ગખંડોના વ્યાખ્યાનો ઉપરાંત ટ્યૂટોરિયલ, નાનાં ગૃપમાં ચર્ચા-વિચારણા, સિમ્પોઝિયમ, સેમિનાર, લાયબ્રેરી વર્ક, લેખિત સ્વાધ્યાય ઈત્યાદિ દ્વારા, શિક્ષણને અર્થપૂર્ણ - ગહન કરવાની તરકીબોની અજમાયસ.

૪.૦ ગ્રામ મહાવિદ્યાલયના કાર્ય પ્રદેશ ખ્યાલને મૂર્ત કરવા માટે, ગામડાને ઉપયોગી વિદ્યાઓ, તેનું ઊંચામાં ઊંચું જ્ઞાન ગામડામાં જ આપવાનો પ્રબંધ કરવો જોઈએ. તે વિષયોની ભવિષ્યમાં ઉપયોગિતા-વિસ્તાર.

૪.૧ ખેતીવાડી, ઈજનેરીને લગતું વિજ્ઞાન, નહેરો, કૂવાઓ તથા તળાવોને લગતી ઈજનેરી, ગોપાલન, જંગલવિદ્યા, ખનિજવિદ્યા.

૪.૨ ઉદ્યોગો - ખાદી અને ગ્રામોદ્યોગ, તેને લગતું શાસ્ત્ર તથા વાણિજ્ય, માછીમારી.

૪.૩ આરોગ્ય વિદ્યા, આરોગ્ય સંરક્ષણનું શાસ્ત્ર, આહારશાસ્ત્ર, પ્રારંભિક રોગનું નિદાન, ચિકિત્સા - સારવાર.

૪.૪ ગ્રામ પંચાયત વ્યવસ્થા, સહકારી ક્ષેત્ર, ગ્રામ રચના તથા વાસ્તુ વિદ્યા.

૪.૫ સામાજિક શાસ્ત્રો, સમાજવિદ્યા અથવા માનવ શાસ્ત્રો, ધર્મ શાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ઈતિહાસ.

૪.૬ સમાજની સમસ્યાઓ જેવી કે, આદિમ જાતિના પ્રશ્નો, કોમી એકતાના પ્રશ્નો, સર્વ ધર્મ સમભાવની ચેતના પ્રગટાવવી, અસ્પૃશ્યતા નિવારણ અને સ્ત્રી શિક્ષણ, બુદ્ધિજીવીઓની સમાજ પરત્વેની હૃદય હિનતાના પ્રશ્નો.

૪.૭ ગ્રામ જીવનને પોષક - ઉપયોગી વિજ્ઞાનો, જેવાં કે પદાર્થ વિજ્ઞાન, રસાયણ વિદ્યા, ખગોળ, ભૂગોળ, ભૂસ્તર વિદ્યા, તથા ભૂસૃષ્ટિનો પરિચય, જીવવિદ્યા દ્વારા સજીવ સૃષ્ટિનો પરિચય.

૪.૮ આધ્યાત્મવિદ્યા - પૂર્વ અને પશ્ચિમનાં દર્શન શાસ્ત્રો.

૪.૯ લલિતકલાઓ, સાહિત્ય, સંગીત, કળા - પરિસ્થિત અને જરૂરિયાત તથા સામાજિક પરિવર્તન આધારિત, ગ્રામવિદ્યાઓનું માળખું રચાતું જવું જોઇએ.

૫.૦ ગ્રામ મહાવિદ્યાલયો દ્વારા ગ્રામ વિકાસની શક્યતાઓ માટે સંશોધન કાર્ય, તથા તે સંશોધનો ગ્રામજનજીવનને ઉપયોગી થાય તેવાં કાર્યો હાથ ધરવાં - ગ્રામ સમાજને તે દ્વારા લાભાંવિત કરવાં, કાર્યક્ષેત્ર -

૫.૧ ગ્રામ સ્વરાજ્ય માટેની યોજનાઓનું સંશોધન ક્ષેત્ર ગામડાંના રાજ્યતંત્ર સાથેનાં સંબંધ કેવા હોય?

૫.૨ ભવિષ્યની સમાજરચનામાં ગામડાં તથા શહેરો - વચ્ચે કેવો સંબંધ હોવો ઘટે ?

૫.૩ સામાજિક, ધાર્મિક સંસ્થાઓ - ગામડાંના રીતરિવાજો, રૂઢિઓ, તહેવારો, ઉત્સવો કેટલે દરજ્જે પોષક અને કેટલે દરજ્જે બાધક, તેનું સંશોધન.

૫.૪ ગામડાનું લઘુતમ જીવન-ધોરણની વ્યાખ્યા, જીવન ધોરણ ઊંચુ લાવવાની વાતો ચાલે છે, તેનો ચોક્કસ અર્થ શોધવો.

૫.૫ ખેતી, પશુપાલન, વિશેષ ગોપાલન, ઓલાદી બળદ, તથા ખેતીમાં તેમજ ગ્રામોદ્યોગ - ગૃહ ઉદ્યોગમાં યંત્રોનું સ્થાન ? ઉપયોગી યંત્રોનો વિકાસ.

૫.૬ ખેતી અને ગોધન સુધારણાના માર્ગો.

૫.૭ ગ્રામજીવનને તંદુરસ્તી બક્ષવા માટે, ખોરાક - યુક્તાહાર કોને કહેવો ?

૫.૮ ગ્રામ વિકાસ માટે વન્ય સંપતિ, ઔષધો, ખનીજ સંપતિનું સંશોધન.

૫.૯ ગામડાની રચના, ઘરોની રચના, કેવી હોવી જોઇએ - પર્યાવરણ જાળવણી, પાણી સંગ્રહની ઈઝરાયેલ પદ્ધતિ, ગંદકી નિવારણ માટે સફાઈકામનાં સાધનો અને તેની રચનાની જુદીજુદી પદ્ધતિઓનું સંશોધન.

૫.૧૦ દુનિયાને અને વિશેષ ગ્રામ સમાજને ખુનામરકીને પંથેથી પાછી વાળવાના અહિંસકરસ્તાઓ, તેમાં ગાંધીજીએ ચિંધેલા માર્ગે, સત્યાગ્રહની પસંદગી.

૬.૦ ગ્રામ મહાવિદ્યાલયોંનું યુનિ. સાથેનું જોડાણ - કાયમી જોડાણ મેળવવા અને તેને પાળવા માટેનાં નોર્મસ્-સ્ટેન્ડર્ડ્ઝ - ધોરણોની જાળવણી માટેનાં આવશ્યક ધોરણો. પ્રવેશની નિયત કરેલી વિદ્યાર્થીની સંખ્યા (૧૫૦) પ્રમાણે.

૬.૧ વિદ્યાર્થી પ્રવેશ અને રજીસ્ટ્રેશન - ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના તા. ૨૩-૫-૧૯૮૮ નાં આદેશ ક્રમાંક : ઉબક/૧/ગવપ/૮૮-૮૯/૬/૯૪૩ મુજબ અને ત્યારપછીના વખતો વખતના નિયમો મુજબ બી.આર.એસ. ના પ્રથમ વર્ષમાં પ્રવેશ આપવાનો રહેશે. પ્રવેશ આપવાની પદ્ધતિ ઉ. ગુ. યુનિ. એ સૂચવ્યા મુજબ રહેશે.

૬.૨ વિદ્યાર્થીઓનો પ્રવેશ અને ફી ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીના તા. ૨૩-૫-૮૮ આદેશ ક્રમાંક : ઉબક/૯-૧/ગવપ/૮૯૮૯-૫૨ મુજબ લેવાની રહેશે. તથા યુનિ. તરફથી સૂચવ્યા મુજબ રમત-ગમત ફી, સાંસ્કૃતિક ફી વગેરે લેવાની રહેશે.

૬.૩ પ્રવેશ લેનાર પ્રત્યેક વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ કરવાનું રહેશે.

૭.૦ માનવ સંશાધન.

૭.૧ શૈક્ષણિક સ્ટાફ - મહેકમ.

મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓની ૧૫૦ સંખ્યાને ધ્યાનમાં લઇને ભરવાની શૈક્ષણિક જગાઓ.

૧ - આચાર્ય, ૮ - અધ્યાપકો, ૧ - ઇજનેર, ૧ - વૈદરાજ. [illegible]

૭.૨ શૈક્ષણિક જગાઓની લાયકાતો વગેરે સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૧૪-૨-૮૫ ના ઠરાવ ક્રમાંક : ગ્રઉશ/ ૧૧૮૩/૬૯૧૮૧/૮૪-ખ. પ્રમાણે - તથા ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીએ અધિકૃત કરેલી છે.

| ક્રમ | હોદ્દો | સંખ્યા | લાયકાત | પગાર ધોરણ |
|---|---|---|---|---|
| ૧ | આચાર્ય | ૧ | અનુસ્નાતક પ્રથમ વર્ગ અને ઉચ્ચ શિક્ષણનો ત્રણ વર્ષનો અનુભવ અથવા અનુસ્નાતક અને ઉચ્ચ શિક્ષણનો પાંચ વર્ષનો અનુભવ. | ૬૫૦૦-૧૦૫૦૦ |
| ૨ | અધ્યાપક | ૮ | શ્રેણી-૧ અનુસ્નાતક બીજો વર્ગ<br>શ્રેણી-૨ સ્નાતક પ્રથમ વર્ગ | ૬૫૦૦-૧૦૫૦૦<br>૫૫૦૦-૯૦૦૦ |
| ૩ | ઈજનેર | ૧ | શ્રેણી-૧ ઈજનેરી સ્નાતક અથવા કૃષિ અધ્યાપકની લાયકાતવાળા અનુસ્નાતક.<br>શ્રેણી-૨ ઈજનેરી વિદ્યાનો ડિપ્લોમા. | ૬૫૦૦-૧૦૫૦૦<br>૫૫૦૦-૯૦૦૦ |
| ૪ | વૈદ્યરાજ | ૧ | બી.એ.એસ.એમ. અથવા એમ.બી.બી.એસ. | ૬૫૦૦-૧૦૫૦૦<br>૮૦૦૦-૧૩૫૦૦ |

૭.૩ <u>બિન શૈક્ષણિક સ્ટાફ</u> : ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીના પત્ર ક્રમાંક : ઉબક/૧/ગવપ/૮૬-૮૭/ક/૧૪૦૫૪, તા. ૪-૮-૮૬ મુજબ મંજુર થયેલ જગાઓ ગ્રાહ્ય રહેશે.

| ક્રમ | હોદ્દો | સંખ્યા | લાયકાત | પગાર ધોરણ |
|---|---|---|---|---|
| ૧ | ગૃહપતિ / ગૃહમાતા | ૧ | બી.આર.એસ. અથવા સ્નાતક - કોઈપણ વિદ્યાશાખાનો | ૪૫૦૦-૭૦૦૦ |
| ૨ | વિસ્તરણ અધિકારી | ૧ | કોઈપણ માન્ય યુનિવર્સિટીના અનુસ્નાતક (વિસ્તરણના વિષયો સાથે) | ૬૫૦૦-૧૦૫૦૦ |
| ૩ | શ્રમસંયોજક | ૧ | સ્નાતક / બી.આર.એસ. | ૪૫૦૦-૭૦૦૦ |
| ૪ | ગ્રંથપાલ શ્રેણી-૧<br>શ્રેણી-૨ | ૧ | સ્નાતક અને લાયબ્રેરી સાયન્સ પદવી.<br>સ્નાતક અને લાયબ્રેરી સાયન્સ પ્રમાણપત્ર કે ડિપ્લોમા | ૪૫૦૦-૭૦૦૦<br>૪૦૦૦-૬૦૦૦ |
| ૫ | સિનિયર કલાર્ક | ૧ | સ્નાતક અથવા એસ.એસ.સી. અને કાર્યાલય કામનો ત્રણ વર્ષનો અનુભવ - સરકારી ધારાધોરણ પ્રમાણે. | ૪૦૦૦-૬૦૦૦ |
| ૬ | જુનિયર કલાર્ક | ૧ | એસ.એસ.સી. અને ટાઈપ કામનો જાણકાર -સરકારી ધારા ધોરણ પ્રમાણે. | ૩૦૫૦-૪૫૦૦ |
| ૭ | સ્ટોકમેન | ૧ | સ્ટોકમેન પ્રમાણપત્ર અથવા કૃષિ ડિપ્લોમા અથવા બી.આર.એસ. | ૪૦૦૦-૬૦૦૦ |
| ૮ | પટાવાળા | ૩ | ધો-૭ પાસ -સરકારી ધારાધોરણ પ્રમાણે | ૨૫૫૦-૩૨૦૦ |
| ૯ | માળી | ૧ | બાગ કામનો અનુભવી - સરકારી ધારા ધોરણ પ્રમાણે | ૨૫૫૦-૩૨૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | સોફીદાર | ૧ | સોફી કામની લાયકાતવાળો સશક્ત સરકારી ધારા ધોરણ પ્રમાણે | ૨૫૫૦-૩૨૦૦ |
| ૧૧ | હિસાબનીશ | ૧ | સ્નાતક અથવા એસ.એસ.સી. અને હિસાબી કામનો ત્રણ વર્ષનો અનુભવ - સરકારી ધારા ધોરણ પ્રમાણે | ૪૫૦૦-૭૦૦૦ |

નોંધ : ૧. ગ્રામ સેવા મહાવિદ્યાલય માટેની સ્ટાફીંગ પેટર્ન મંજૂર કર્યાનો ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરીનો આદેશ ક્રમાંક : ઉબક/લ/૧/ગવપ/૮૭/૮૮/ક/૯૦૮૮, તા. ૧૫-૫-૧૯૮૭ તથા ક્રમાંક : ઉબક/લ-૧/ગવપ/૮૬-૮૭/ક/૧૦૦૨૩, તા. ૬-૬-૮૬ માં જણાવેલ શરતો પ્રમાણે કાર્યકરની ભરતી કરવામાં આવશે.

૨. સરકારશ્રીનો શિક્ષણ વિભાગનો તા. ૧૪-૨-૮૫ નો ઠરાવ ક્રમાંક : ગઉશ/૧૧૮૩/૬૯૧૮૧/૮૪-૮૫ પ્રમાણે, માટે ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીને અધિકૃત કરેલ છે. તે પ્રમાણે વરણી સમિતિ અને કાર્યસૂચી નક્કી કરેલી છે.

૩. ક્રમાંક : ઉગજ-૧૫૯૬-એ-૭-૯૬-ખ શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર મુજબ જૂન-૧૯૯૬ થી ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ આપવા અંગે નીચે દર્શાવેલ શરતોને આધિન મંજૂરી છે.

૩.૧ ગ્રામ વિદ્યાપીઠનું હાલનું માળખું યથાવત રહેશે, શિક્ષકોનાં લાયકાતનાં ધોરણો, પગાર ધોરણો તથા સેવાની શરતો પણ રાજ્ય સરકારે હાલ જે નિયત કરેલ છે તે જ ચાલુ રહેશે.

૩.૨ ગ્રામ વિદ્યાપીઠના અધ્યાપકો / કર્મચારીઓને રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ પગાર ધોરણ ચુકવવાનું રહેશે.

૩.૩ ગ્રામ વિદ્યાપીઠોએ શિક્ષણ વિભાગની 'બ' શાખાના વખતો વખતના જુદાજુદા ઠરાવોથી નિયત થતા લાભો મળવાપાત્ર રહેશે.

૩.૪ ઉત્તર ગુજરાત યુનિ. તરફથી શૈક્ષણિક / બિનશૈક્ષણિક મહેકમ, વિદ્યાર્થી પ્રવેશ અને રજીસ્ટ્રેશન, નિવાસ અને ભોજન વ્યવસ્થા, આરોગ્ય વિષયક સુવિધાઓ, ભૌતિક સુવિધાઓ, પ્રયોગશાળા, ગૌશાળા, ખેતી ફાર્મ, પુસ્તકાલય અભ્યાસક્રમ, રમત-ગમત સુવિધા, પરીક્ષા વ્યવસ્થા, પરીક્ષક, મૂલ્યાંકન વગેરે બાબતો અંગે ઉત્તર ગુજરાત યુનિવર્સિટી તરફથી જે શરતો નક્કી કરવામાં આવે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩.૫ રૂરલ સ્ટડીઝની વિદ્યાશાખાના આચાર્ય અને અધ્યાપકો તથા ઈજનેર - વૈદરાજની યુનિ. માન્યતાઓ, શિક્ષણની અધ્યાપન કોલેજોના શૈક્ષણિક સ્ટાફ માફક મળશે. દા.ત. શિક્ષણના વ્યાખ્યાતા, આચાર્ય ઈત્યાદિ - અહીં રૂરલ સ્ટડીઝના વ્યાખ્યાતા.

૩.૬ રૂરલ સ્ટડીઝ વિદ્યાશાખા સાથે સંલગ્ન ગ્રામ સેવા મહાવિદ્યાલયોના શૈક્ષણિક સ્ટાફની લાયકાત ભિન્ન ભિન્ન છે. તેમાં બે શ્રેણી છે. અને પગાર ધોરણો પણ જુદાં છે. તથા તેમની હોદ્દાઓ પ્રમાણે લાયકાતો જુદી છે. જે યુ.જી.સી.ના પ્રવર્તમાન નિયમોથી અલગ છે, જેને યુનિવર્સિટીએ સ્વીકારેલ છે.

૩.૭ તેઓ જે વિષયોનું અધ્યાપન કરે છે તે પોતાની પદવી પ્રમાણે જ હોય તેમ હોતું નથી. કારણ કે તેમની વિદ્યાશાખા આગવી છે. અને તેમાં વિષય પ્રમાણે નહીં પણ રૂરલ વિદ્યાશાખાના વ્યાખ્યાતા તરીકે માન્યતા મળે અને યુનિ. માં જુદીજુદી વિદ્યાશાખા પ્રમાણે, આચાર્યશ્રીનું અને અધ્યાપકોનું સેનેટ વગેરેમાં પ્રતિનિધિત્વ મળે, તેમ

સ્વીકારીને આગળની કાર્યવાહી સૂચના પ્રમાણે કરવી પડે, નહીંતર લાયકાતના તફાવતોમાં કાનૂની ગરબડ થાય.

૩.૮ ભવિષ્યમાં રૂરલ સ્ટડીઝની વિદ્યાશાખાના અધ્યાપકો અને આચાર્યશ્રીની લાયકાતોમાં ફેરફાર કરવો જરૂરી બનશે. ગ્રામ વિદ્યાપીઠના પ્રવર્તમાન કર્મચારીઓને રાજ્ય સરકારશ્રીએ નક્કી કરેલ લાયકાતના ધોરણો મુજબ ભરતી થયેલી છે. તેથી તે માન્ય રાખવી અને હવે પછીની ભરતી કરવાની થાય ત્યારે શૈક્ષણિક કર્મચારીઓને, ઉ.ગુ.યુનિ. એ ગ્રામ વિદ્યાશાખાનાં નીચેનાં ધોરણે લાગુ કરવાં પડે.

૩.૮.૧ જે તે વિષયના અનુસ્નાતક ૫૫ % સાથે.

૩.૮.૨ પ્રથમ પદવીમાં યુનિ. દ્વારા નક્કી કરેલું ગુણવત્તાનું ધોરણ.

૩.૮.૩ આચાર્યની લાયકાતમાં, વ્યાખ્યાતાની લાયકાત ઉપરાંત છ સંશોધન પત્રો - ગ્રામ વિદ્યાના કાર્યક્ષેત્રમાં કરેલાં હોવાં જોઈએ અથવા બે શૈક્ષિક લઘુ સંશોધનો ડેઝરટેશન કક્ષાનાં કરેલાં હોવાં જોઈએ તથા દશ વર્ષનો અનુભવ.

૩.૮.૪ ભવિષ્યની [illegible]

૩.૮.૫ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીના પત્ર ક્રમાંક : કગટ/ક-૪/૨૦૦૧-૦૨/૧૧૩૫-૫૨, તા. ૨૪-૩-૨૦૦૨ પ્રમાણે ૨૦ % ના વધારા મુજબ આચાર્યનો અઠવાડિક કાર્યભાર ૧૦ તાસ (૬.૫ કલાક) અને અધ્યાપકનો અઠવાડિક કાર્યભાર ૨૫ તાસ (૧૬.૫ કલાક) પ્રમાણે ગોઠવવાનો રહેશે.

૩.૮.૬ (૧) બિન શૈક્ષણિક કર્મચારીઓનું મહેકમ નીચે પ્રમાણે રાખવાનું ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ થી ૨૦૦ સુધીની વિદ્યાર્થી સંખ્યા સુધી મળવાપાત્ર જગ્યાઓ. | ૧ - હિસાબનીશ<br>૧ - સિનિયર કલાર્ક<br>૧ - જુનિયર કલાર્ક | ૨-પટાવાળા-સંદેશા વાહક<br>૧ - ચોકીદાર |

(૨) ગ્રંથાલયનું મહત્તમ મહેકમ, ૧ થી ૧૦,૦૦૦ ની સંખ્યામાં પુસ્તકો હોય ત્યારે ગ્રંથપાલ-૧ અને પટાવાળા-૧. ૧૦,૦૦૧ થી ૨૦,૦૦૦ સુધી પુસ્તકો હોય તો વધારાનો જુનિયર કલાર્ક-૧. ૨૦,૦૦૧ થી ૩૦,૦૦૦ સુધી પુસ્તકો હોય તો વધારાનો પટાવાળો-૧ અને જુનિયર કલાર્ક-૧: ૩૦૦૦૦ થી વધુ સંખ્યામાં પુસ્તકો હોય ત્યારે વધુ પટાવાળો-૧,

(૩) શ્રમસંયોજક-૧,

(૪) માળી-૧

(૫) ડેરી વિભાગ માટે સ્ટોકમેન-૧.

૩.૮.૭ સ્ટાફની ભરતી માટે ઉચ્ચ-શિક્ષણ નિયામકશ્રીની કચેરી પાસે મંજૂરી લેવાની રહેશે.

૩.૮.૮ સંસ્થાની ગવર્નિંગ બોડીમાં સરકારશ્રીના પ્રતિનિધિ તરીકે ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની નિયુક્તિ કરવાની રહેશે.

૩.૮.૯ ઉ.ગુ.યુનિ. આદેશ પ્રમાણે સંસ્થાની ગવર્નિંગ બોડીમાં ગ્રામ સેવા મહાવિદ્યાલયના આચાર્યશ્રીની નિયુક્તિ કરવાની રહેશે.

૩.૮.૧૦ તા. ૧૬-૧૨-૮૧ ના ઠરાવ ક્રમાંક : ગશિ/૧૩૮૦/૧૧૫૩૮/૮/ખ માં કરેલી
જોગવાઈ પ્રમાણે વિદ્યાપીઠના કર્મચારીઓના પગાર ખર્ચ પર સરકાર
તરફથી ૧૦૦ ટકા અને અન્ય પરચૂરણ ખર્ચ તથા વિકાસ કામો પર થતાં
ખર્ચ પર પે પેકેટના ૨૫ ટકાની મર્યાદામાં રહીને માન્ય ખર્ચના ૭૫ %
અનુદાન આપવામાં આવે છે. ફી તથા શ્રમ મુલ્ય અન્ય પરચૂરણ ખર્ચની
ગળવાપાત્ર ગ્રાન્ટમાંથી કાપવામાં આવે છે.

૮.૦ ગ્રામ સેવા મહાવિદ્યાલયની ભૌતિક સુવિધાઓ.

અવાજ અને પ્રદૂષણ રહિત, શાંત વિસ્તારમાં તેનું સ્થાન સંભવી શકે. તેને ત્યાં પહોંચવા માટે ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા હોવી ઈચ્છનીય ગણાય તથા સંદેશા માધ્યમોની સગવડો (કોમ્યુનીકેશન ફેસીલીટીઝ) ધરાવતી હોય અને સાથે વિજળી (પાવર) તથા પાણીની સગવડો અતિઆવશ્યક છે. ગ્રામ સેવા મહાવિદ્યાલય જ્યાં હોય ત્યાં જમીનની મોકળાશ હોય જેથી ભાવી વિકાસ માટે અડચણો ન પડે તથા રમત-ગમતનાં મેદાનો માટે અનુકૂળતા હોય.

૮.૧ બાંધકામનું ક્ષેત્રફળ અને સુવિધા ઉપલબ્ધ હોવી જોઈએ. ૧૫૦ વિદ્યાર્થીઓને ધ્યાનમાં લઈને, તે માટેના વર્ગખંડો, ગ્રંથાલય, પ્રયોગશાળાઓ અને વહીવટી કાર્યાલયની જોગવાઈઓ, છાત્રાલય, રસોડું, ભોજનાલય, અને આરોગ્યવર્ધક જરૂરિયાતોનો સમાવેશ.

| ક્રમ | આવશ્યક | સંખ્યા | ક્ષેત્રફળ |
|---|---|---|---|
| ૧ | વર્ગખંડો | ૩ | ૪૦ ચો.મીટર |
| ૨ | પ્રાર્થના - સંમેલન - સભાખંડ (હોલ) | ૧ | ૧૫૦ ચો.મીટર |
| ૩ | રસાયણ પ્રયોગશાળા માટેના ખંડો | ૧ | ૬૦ ચો.મીટર |
| ૪ | ગૃહવિજ્ઞાન પ્રયોગશાળા. | ૧ | ૬૦ ચો.મીટર |
| ૫ | ગ્રંથાલય ખંડ અને વાંચનાલયની સગવડો સાથે ૪૦ વિદ્યાર્થીઓ બેસે તેવી સગવડ સાથેનો. | ૧ | ૫૦ ચો.મીટર – સ્ટોરેજની જગા સાથે |
| ૬ | આચાર્યની રૂમ - જોડાયેલી આરોગ્ય વર્ધક સગવડ. | ૧ | ૨૦ ચો.મીટર |
| ૭ | ગ્રામ-સેવક સાથે સાધનો-નમૂના પ્રદર્શન રૂમ. | ૧ | ૬૦ ચો.મીટર |
| ૮ | સ્ટાફ રૂમ | ૧ | ૪૦ ચો.મીટર |
| ૯ | કાર્યાલય / તથા | ૧ | ૪૦ ચો.મીટર |
| | તેની સામગ્રી સ્ટોર | ૧ | ૨૦ ચો.મીટર |
| ૧૦ | મહિલા કર્મચારી અથવા વિદ્યાર્થીનીઓ માટે | | ટોયલેટ સાથેની પૂરતા પ્રમાણમાં જગા રાખવી. |
| ૧૧ | વિદ્યાર્થીઓ અને સ્ટાફ, શિક્ષકો માટેની ટોયલેટ સગવડો. | ૧ | ૧૫ ચો.મીટર |
| ૧૨ | પીવાના પાણીની વ્યવસ્થા, સ્ટાફ તથા વિદ્યાર્થીઓ માટે | | ઓછામાં ઓછી બે જગ્યાએ હોવી ઘટે. |

ઈચ્છિત સગવડો :-

| | | | |
|---|---|---|---|
| ૧ | સેમિનાર રૂમ | ૧ | ૫૦ વિદ્યાર્થી માટે ૧૦૦ ચો.મીટર |
| ૨ | ગૃપકાર્ય માટે નાના રૂમો | ૨ | ૨૫ વિદ્યાર્થીઓ માટે ૫૦ ચો.મીટર |
| ૩ | વિશાળ સભા ગૃહ | ૧ | (સૌ માટે) ૩૦૦ ચો.મીટર |
| ૪ | વિવિધ પ્રવૃત્તિઓ માટેનો ખંડ | ૧ | ૮૦ ચો.મીટર |

૮.૨ રમત-ગમતનું મેદાન (આવશ્યક) - ૨૦૦૦ ચો.મીટર

એથલેટીક રમતો, વોલીબોલ, બાસ્કેટ બોલ, ખો-ખો, ફૂટબોલ, ક્રિકેટ ઈત્યાદિ

સાધન સામગ્રી- વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી રમત-ગમતનાં સાધનો હોવાં જોઈએ.

ઈચ્છિત : ઈન્ડોર રમતોની રૂમ

૮.૩ કર્મચારીઓની વસાહત (કાર્યકર નિવાસ) :-
(આવશ્યક)

૧ ગ્રામ વિદ્યાપીઠના તમામ કાર્યકરો પૈકી, આચાર્ય, ગૃહપતિ, ગૃહમાતા, કોઠારીદાર, વૈદરાજ, ગ્રંથપાલ, શ્રમ સંયોજક, સ્ટોકમેન અને એક સેવક માટે નિવાસની વ્યવસ્થા આવશ્યક ગણાશે.

૨. વિદ્યાર્થીઓ અને સેવકોનું સમૂહજીવન ગ્રામ સેવા મહાવિદ્યાલયમાં મહત્વનું છે. માટે અન્ય કાર્યકરો માટે સંસ્થા પોતાની અનુકૂળતા ઉભી કરીને નિવાસની વ્યવસ્થા કરશે.

૩. બે બાળકો સાથેના કુટુંબને ઓછામાં ઓછી ૬૦ ચો.મીટર જગાનું રહેણાક મળવાને પાત્ર ગણાવું જોઈએ.

૮.૪. ગ્રામ સેવા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે છાત્રાલય સગવડ :-

૧. ગ્રામવિદ્યાના તમામ વિદ્યાર્થીઓ માટે છાત્રાલય જીવન ફરજિયાત છે. જ્યાં આવી સગવડ ઉભી કરેલ ન હોય તેની માન્યતા ન આપવી, આપી હોય તો તાત્કાલિક માન્યતા રદ કરવાની કાર્યવાહી થવી જોઈએ.

૨. છાત્રાલયમાં વિદ્યાર્થ દીઠ ૩ ચો.મીટર જગા મળવી જોઈએ. રહેણાંકના ભાગમાં સ્વયંપાકી રસોડું ન ચલાવવું. તેને માટે અલાયદી જગા ફાળવવી.

૩. છાત્રાલયના વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં નિવાસની વ્યવસ્થા, ભોજનશાળા, રસોડું, કોઠાર, સ્નાનગૃહ, શૌચાલય, વીજળી, પંખા, પાણી વગેરેની વ્યવસ્થા હાથવગી અનિવાર્ય રહેશે.

૮.૫ ફર્નિચર :-

ડેસ્ક અને પાટલીવાળું ફર્નિચર વર્ગખંડોમાં ઉપયોગમાં લેવામાં આવે છે. યુનિવર્સિટી અને કોલેજ કલ્ચરમાં એ બંધ બેસતું થઈ ગયું છે. પણ ગ્રામ સેવા મહાવિદ્યાલયમાં, ટાળિયા અને આસન વધુ બંધ બેસતું છે. મહદ્ અંશે ગ્રામ વિદ્યાપીઠમાં વસાવવામાં આવ્યું છે. છતાં વર્ગખંડોના બન્ને વિકલ્પો ખૂલ્લા છે.

૧. વિદ્યાર્થી, ટાળિયા અને બેઠક - આવશ્યક સૌને માટે એક - ઈચ્છિત થોડાંક વધારે.

વ્યાખ્યાન સિવાય, બીજી શૈ. પદ્ધતિઓમાં ગૃપ - સેમિનારમાં વર્ગખંડને જૂથમાં વહેંચવાં માટે ટાળિયા બેઠક વધુ અનુકૂળ છે. સરળતાથી ફર્નિચરમાં ફેરફાર ગોઠવણ થઈ શકે છે તથા વર્ગખંડોની સ્વચ્છતા માટે અનુકૂળતા છે.

૨. હોલ માટે - ડાયસ - ખુરશી અથવા ટાળિયાં - પાથરણાં.

૩. ખુરશીઓ અને ટેબલો, પ્રિન્સિપાલ, શિક્ષકો, ગ્રંથપાલ અને ઓફિસ સ્ટાફ માટે અનિવાર્ય છે. બધા જ વર્ગખંડોમાં, ઓફિસ તથા કાર્યાલયમાં અનિવાર્યપણે રાખવું.

૪. પ્રયોગશાળાઓમાં વર્ક ટેબલો અનિવાર્ય, સામાન્યપણે ૨ મોટાં, ૧.૨૫ મીટર x ૦.૯ સે.મી. પ્રમાણે.

૫. ગ્રંથાલયમાં ચોપડીઓના ઘોડા કે કબાટ, ઓછામાં ઓછા ૧૦,૦૦૦ પુસ્તકો માટે તથા સ્ટોરેજ રેક (ઘોડા).

૬. વાંચનાલયમાં રિડીંગ ટેબલો સાથે ખુરશીઓ અથવા સ્ટુલ્સ ૫૦ વિદ્યાર્થીઓ માટે.

૭. બ્લેક બોર્ડ - કાચનાં અનિવાર્ય, બધા જ વર્ગખંડોમાં તથા પ્રયોગશાળાઓમાં - સાઈઝ (૨.૫ મીટર x ૧ મીટર) લાકડાનાં હશે તો તે લખાણ માટે સરળ રહે તેવાં સાફ સુથરાં રંગાયેલાં.

૮. નોટીસ બોર્ડ અને બૂલેટિન બોર્ડ. ઓછામાં ઓછું - એક. ઈચ્છિત - બે.

૯. લોખંડ - લાકડાની અલમારી / કબાટ. દરેકને ઓછામાં ઓછું - એક. જેમાં પુસ્તકો, સ્વાધ્યાયો, પ્રશ્નપત્રો, ખાનગી પરીક્ષા સામગ્રી માટે.

૮.૬ <u>સાધન - સામગ્રી</u> :-

૧. પ્રયોગશાળા - સંસ્થા પાસે ગ્રામ વિદ્યાશાખાના અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને પ્રયોગશાળા ઊભી કરવામાં આવે. જેમાં પ્રયોગો તથા નિર્દેશન થઈ શકે તેવી પૂરતી મોકળાશવાળી હોવી ઘટે.

(૧) રસાયણશાસ્ત્રની પ્રયોગશાળા.

(૨) એગ્રોનોમીની પ્રયોગશાળા.

(૩) પશુપાલન -

સામાન્ય રીતે, પ્રયોગશાળામાં જુદાજુદા વિભાગો ઈષ્ટ છે. (૧) તુલા ખંડ (૨) નમૂના સંગ્રહ રૂમ (૩) પ્રયોગશાળા સાધન ખંડ (૪) વિષયને અનુરૂપ સાધનો માટે રૂમ.

૨. ખેતી - પશુપાલન (ગૌશાળા)

ગ્રામ વિદ્યાશાખાના પશુપાલન વિષયની પ્રયોગશાળા તરીકે ગૌશાળા અને જરૂરી સાધનો, ક્ષેત્ર વિદ્યાની પ્રયોગશાળા તરીકે ફાર્મ (જમીન) અને તેનાં સાધનો, બાગાયાત વિષયની પ્રયોગશાળા તરીકે નર્સરી, અને જરૂરી સાધનો, વિસ્તરણ વિષય માટે જરૂરી દૃશ્ય-શ્રાવ્ય સાધનો, ગૃહવિજ્ઞાન પ્રયોગશાળા તરીકે સિવણ - પાક વિજ્ઞાન પ્રયોગશાળા તથા જરૂરી સાધનો હોવાં જોઈએ.

૩. કૃષિ - ગોપાલનનો અભ્યાસ ચલાવતી દરેક સંસ્થા પાસે, <u>પોતાની માલિકીની ૫૦ એકર જમીન અનિવાર્ય રહેશે</u>. માત્ર ડેરી - પશુપાલનનો અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાને ૧૦ એકર જમીન હોવી જોઈએ. ગૃહ વિજ્ઞાન અભ્યાસક્રમ ચલાવતી સંસ્થા માટે પાંગણ સિવાય જમીનની ખાસ આવશ્યકતા રહેશે નહીં.

ખેતી અને પિયત માટે જરૂરી સાધન સામગ્રી હોવી જોઈએ. પાણી માટે બારમાસી ખેતી માટે ટયુબવેલ અથવા પાણીના જુદીજુદી રીતે સંગ્રહવાની પરિસ્થિતિ ઊભી કરવી. વરસાદી પાણીના સંગ્રહ માટે સગવડો ઊભી કરવી.

વિષયોના સંદર્ભમાં, બાગાયત ફાર્મ, કૃષિ પ્રાયોગિક પ્લોટ, ગૌશાળા ફાર્મ, નર્સરી, ઔષધબાગ, કૃષિ પ્રાયોગિક પ્લો ., પ્રદર્શન-નિદર્શન વિભાગ, વન વિભાગ, સૂકી ખેતી ફાર્મ - વગેરે પ્રમાણે ખેતીનું આયોજન થતું હોવું જોઇએ.

વિદ્યાર્થીઓને સામૂહિક ખેતી અને વ્યકિતગત પ્રાયોગિક ખેતી માટે રીઝન પ્રમાણે બેડની ફાળવણી કરવામાં આવે.

૪. ગૌશાળા - પશુપાલન :-

ગૌશાળામાં મકાનો, જુદીજુદી જરૂરીયાત પ્રમાણે રખાયેલાં હોવાં જોઇએ. ગાયોના એક કરતા વધારે શેડ હોવા ઇચ્છનિય છે. એ ઉપરાંત (૧) વિયાણ ઘર, (૨) વાછરડાં ઘર, (૩) ખાણદાણ ખંડ, (૪) દૂધ ઘર, (૫) બળદ માટેનો શેડ, (૬) ગોવાળ-ખેડૂત નિવાસ, (૭) ગોડાઉન. સંખ્યા, (૮) પાકા-ખુલ્લા વાડા, (૯) ગૌશાળા કાર્યાલય, (૧૦) દવા-સાધન સામગ્રી રૂમ.

ગ્રામ સેવા મહાવિદ્યાલયની ગૌશાળાનું કુલ ક્ષેત્રફળ કેટલું હોવું જોઇએ.

(૧) સગવડ

| | ક્ષેત્રફળ ચો.મીટરમાં |
|---|---|
| ૧) ગૌશાળા શેડ - ૧ | ૧૦૦ ચો.મીટર |
| ૨) વિયાણ ઘર - ૧ | ૧૧ ચો.મીટર ૧૧.૭૦ |
| ૩) વાછરડાં ઘર - ૨ | ૨૨ ચો.મીટર |
| ૪) ખાણદાણનો ખંડ - ૧ | ૧૪ ચો.મીટર ૧૪.૧૪ |
| ૫) દૂધ માટેનો ખંડ - ૧ | ૧૧ ચો.મીટર ૧૧.૭૦ |
| ૬) બળદ માટેનો શેડ - ૧ | ૧૧ ચો.મીટર ૩૫.૬૦ |
| ૭) ગોવાળ માટેનું નિવાસ સ્થાન | ૩૦ ચો.મીટર ૨૨.૫૦ (૨) |
| ૮) વાડા - ૩ | ૧૦૦ ચો.મીટર |
| ૯) ગૌશાળા કાર્યાલય તથા દવા-સાધન રૂમ - ૧ | ૧૪ ચો.મીટર ૧૧.૭૦ |

[illegible]

(૨) કૃષિ ગોપાલન અભ્યાસક્રમ ચલાવતી દરેક વિદ્યાપીઠ પાસે ૧૦ પુક્ત ગાયો સાથે કુલ ગોધન ૨૦ હોવું જઇએ. સંસ્થાની સંયુકત ગૌશાળાની આમાં જોગવાઇ નથી. મહાવિદ્યાલયની સ્વતંત્ર ગૌશાળા હોવી જોઇએ. [illegible]

(૩) ડેરી - પશુપાલન વિષય ભણાવતી સંસ્થા પાસે ૧૫ થી ઓછું ગૌધન હોવું ન જોઇએ.

૮.૭ શૈક્ષણિક સાધન-સામગ્રી (ઇચ્છનિય) :-

૧. રેડિયો, ટી.વી., ઓડિયો કેસેટ રેકર્ડડર, ઓવરહેડ પ્રોજેકટર, વી.સી.આર., એમ્પલીફાયર, લાઉડ સ્પીકર.

૨. સ્લાઇડ - કમ - ફિલ્મ સ્ટ્રીપ પ્રોજેકટર, વિડિયો કેમેરા, સ્ટીલ કેમેરા, કોમ્પ્યુટર પી.સી. ૧, ફેકસ, ટેલિફોન.

૩. આવશ્યક :-

ચાર્ટ મટીરીયલ - ચાર્ટ બનાવવા માટે, નકશા, ચાર્ટસ્ - મોડેલ, પ્રદર્શન, સંગ્રહ સ્થાનની સામગ્રી, આમ શિક્ષણમાં ઉપયોગી વિવિધ પ્રકારના ચાર્ટસ્ મોડેલ નકશાઓ વગેરે વિદ્યાશાખાને અનુરૂપ હોવું જોઇએ.

૮.૮ <u>પુસ્તકો - સામાયિકો</u> :-

૧. સંસ્થા શરૂ થઈને ગ્રાન્ટપાત્ર બની ત્યારથી પ્રત્યેક વર્ષે રૂા. ૫,૦૦૦/- નાં પુસ્તકો વસાવવાનાં છે. તે સરકારની માન્યતાની શરતમાં આવે છે.

૨. સંસ્થાએ દરેક વર્ષે રૂા. ૫,૦૦૦/- નાં પુસ્તકો અને સામાયિકો વસાવવાનો ક્રમ ચાલુ રાખવાનો રહેશે.

૩. ગ્રંથાલય સામગ્રી, વિદ્યાર્થીઓના અભ્યાસક્રમના વિષયો પ્રમાણેની જ હોય. વર્ષની શરૂઆતમાં શિક્ષકો પાસેથી યાદીઓ મેળવી લેવી. પુસ્તકોમાં ગાઈડ કે પરીક્ષાલક્ષી ન હોવું જોઈએ.

૪. ગ્રંથાલયના પુસ્તકોનું વર્ગીકરણ ડયૂઈ કે <u>રંગનાથમ</u> પ્રમાણે હોવું જોઈએ.

(૧) લેખકો પ્રમાણેની યાદી - વર્ગીકરણ.

(૨) વિષયો પ્રમાણેની યાદી - વર્ગીકરણ.

૫. વિદ્યાર્થીની વાચન સામગ્રી, વર્ષના અંતે કેવી રહી, તેનું એકસશન સંશોધન થવું ઘટે.

૬. સામટાં પુસ્તકો ન આપવાં, બીજાને જરૂર હોય તેવાં પુસ્તકો કોઈની પાસે પડયાં ન રહે તેવું દેય-અદેય ગોઠવવું પડે.

૭. વર્ષમાં સામૂહિક એક વખત પુસ્તકો - અને પુસ્તકાલયની સફાઈ રાખવી - પુસ્તકોમાં કીટાણું પેદા થયાં હોય તો તપાડવાં તથા પંખાની મદદથી પાનાં સાફ કરવાનું રાખવું. જરૂરી નુકસાન રહિત કેમિકલનો છંટકાવ કરવો.

૮. સંસ્થામાં સામૂહિક પુસ્તકાલય હોય છે. તેના ભેગું મહાવિદ્યાલયનું નહીં, અલાયદુ હોવું જોઈએ.

૮.૯ <u>પ્રવેશ ધોરણો અને પસંદગી</u> :-

૧. ઉચ્ચતર માધ્યમિકની ૧૨ માં ધોરણની પરીક્ષા પાસ કરનારને પ્રવેશ પાત્ર ગણવા.

૨. અનામત જગ્યાઓ ભરવા માટે રાજય સરકારનાં ધારાધોરણ લાગુ પાડવા. કાયદાકીય પ્રોવિઝન પ્રમાણે, રાજકીય કાયદા અને બંધારણની જોગવાઈનો અમલ કરવો.

૩. ૧૨ મા ધોરણની પરીક્ષાના ગુણાંકન પ્રમાણે મેરીટને ધ્યાનમાં લઈને પ્રવેશ આપવો. અનામત કોટાનાં લીસ્ટ મેરિટ પ્રમાણે તૈયાર કરી પ્રવેશ આપવાનો રહેશે. યુનિ.ના પ્રવર્તમાન નિયમોને આધિન રહેશે. સુચવાયા પ્રમાણેની જ ફી લેવાની રહેશે. પ્રવેશ પદ્ધતિ રમત-ગમત, સાંસ્કૃતિક વગેરે ફી યુનિ.નાં નિયમો પ્રમાણે રહેશે.

૮.૧૦ <u>કાર્યસાધક દિવસો - કલાકો</u> :-

૧. એક વર્ષમાં ૨૦૦ દિવસનું / અથવા / ૧૨૦૦ કલાકોનું કામ ઓછામાં ઓછું થવું જોઈએ.

૨. ઈચ્છનીય તો એક વર્ષમાં ૨૧૦ દિવસ / અથવા / ૧૨૬૦ કલાકોનું કામ થવું જોઈએ.

૩. <u>સત્રની શરૂઆત થાય તે પહેલાં</u> પ્રવેશ કામગીરી ૧૦ દિવસમાં આટોપી લેવી જોઈએ.

૪. શૈક્ષણિક દિવસો + પ્રાયોગિક કાર્ય ૧૮૦ દિવસ (૧૦૮૦ કલાક) ઈચ્છનીય : ૧૯૦ દિવસ, ૧૧૪૦ કલાક.

૫. પરીક્ષાના દિવસો <u>૧૦</u>, ૧૨૦ કલાક.

૬. અઠવાડિયાના છ દિવસોમાં આચાર સંહિતમાં સૂચવ્યા મુજબ સંસ્થાનું સમય-પત્રક અને પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું રહેશે.

૭. વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓને નીચેના અનુભવો, સાક્ષારી વિષયોમાં તથા તેના પ્રાયોગિક કાર્યમાં આપવાં.

(૧) વર્ષ દરમ્યાન ઓછામાં ઓછા બે પુસ્તકોનું ઊંડાણથી વાંચન. (અભ્યાસક્રમ ઉપરાંત)

(૨) ટ્યુટોરિલ સ્વાધ્યાય નિબંધ.

(૩) પ્રવૃત્તિ - સંસ્થા - કાર્યક્રમ - જાહેર પ્રસંગો - અનિર્ધારિત બનાવો ઈત્યાદિ બાબતો રિપોર્ટનું લખાણ કરાવવું.

(૪) સંસ્થામાં લિખિત ભીંત મેગેઝીન ચલાવવું - વિદ્યાર્થીઓની કૃતિઓને સેપિંગ કરીને સ્થાન આપવું.

(૫) સમૂહ જીવનનાં કાર્યો - છાત્રાલય - સફાઇ, હરિફાઇ, મહાવિદ્યાલય સફાઇ, શૌચાલય સફાઇ - પાણી એકત્રિત સાધનોની સફાઇ, પુસ્તકાલય બિર્ડેશન - જાહેર તહેવારોની ઉજવણી - પ્રવાસ - પર્યટન.

(૬) સંસ્થામાંના દૃશ્ય-શ્રાવ્ય સાધનોના વપરાશનો મહાવરો આપવો.

(૭) સામાજિક, સાહિત્યીક, સાંસ્કૃતિક, રમત-ગમત સ્પર્ધાઓમાં, ગૃપમાં કે વ્યક્તિગત રીતે ભાગ લેવા વિદ્યાર્થીઓને પ્રેરવા.

(૮) અભ્યાસક્રમના વિષયોમાંથી કાર્યાનુભવના મુદ્દાઓ તારવીને તેમાં અનુભવોની તાલિમ મેળવે તેમ ગોઠવવું. ગ્રામ વિદ્યાશાખામાં અભ્યાસ પુરક કાર્યક્રમોનું મહત્ત્વ ઊંચુ આંકવ માં આવ્યું છે. જેવા કે, આદિવાસી વિસ્તાર પરિચય શિબિર, ગ્રામ સેવા શિબિર, એન.એસ.એસ. શિબિર, કેન્દ્ર નિવાસ, શિક્ષણ નિવાસ, નિયત શ્રમકાર્ય, અભ્યાસ પ્રવાસ અને મુલાકાતો વિષય શૈક્ષણિક પ્રવાસ વગેરે - મુખ્યત્વે સમાવેશ કરવો.

પ્રકીર્ણ બાબતો :-

૧. વખતોવખત રાજય સરકારશ્રી તરફથી અને ઉ.ગુ.યુનિ. તરફથી જે શરતો / આચાર સંહિતાની અગાઉ સંસ્થાઓને જાણ કરવામાં આવી છે તેનું પરિપાલન કરવાનું રહેશે.

૨. સંસ્થાએ શૈક્ષણિક (ઉ.ગુ.યુનિ.) તથા વહીવટી (ઉચ્ચ શિક્ષણ નિયામક) બંનેની સંયુક્ત નિરીક્ષણ તળે રહેશે.

૩. શૈક્ષણિક સાધન સામગ્રી - ખેતીનાં સાધનો, પ્રયોગશાળાનાં સાધનો, રૂરલ સ્ટડીઝની વિદ્યાશાખાના પ્રથમ, દ્વિતીય અને તૃતિય વર્ષના અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને વસાવવાનાં રહેશે. રૂરલ સ્ટડીઝની વિદ્યાશાખા લઘુત્તમ સાધનોની યાદી તૈયાર કરીને ગ્રામ સેવા મહાવિદ્યાલયને મોકલવી અને તે પ્રમાણે સંસ્થામાં હોવાં જરૂરી.

૪. સંસ્થાએ લોક ભારતી, સણોસરાની સંસ્થાને આધારે અભ્યાસક્રમો ઘડવા અને તે પ્રમાણે ગહદ્ અંશે ચલાવવાનું રાખવું. ઉ. ગુ. યુનિ. રૂરલ સ્ટડીઝની વિદ્યાશાખા પરિપૂર્ણ રીતે પ્રસ્થાપિત ન થાય ત્યાં સુધી તેને અનુસરવાની સલાહ સ્વીકાર્ય ગણવી.

૫. ગ્રામ સેવા મહાવિદ્યાલય માટે ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : ગઉશ-૧૦૯૨-૪૭૦૧/બ, તા. ૨૧-૪-૧૯૯૪ ના પરિશિષ્ટ પ્રમાણે ગ્રામ સેવા મહાવિદ્યાલયના સેવકોએ આચારસંહિતાનું પાલન કરવાનું ઠરાવ્યું છે. સૌએ સંમતિ આપીને સ્વીકાર કરેલ છે. ગ્રામ વિદ્યાપીઠોના તમામ કાર્યકર્તાઓ માટે જે ફરજો નિયત કરેલી છે તે નિભાવવાની રહેશે.

૬. શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર અથવા તેના પ્રતિનિધિ તેમજ શિક્ષણ વિભાગના પ્રતિનિધિ વર્ષમાં આયૂક એકવાર જે તે સંસ્થાની મુલાકાત લઇને સંસ્થાની કામગીરી તેમજ પ્રગતિની સમીક્ષા કરશે. ઉપરાંત સંસ્થાની સામાન્ય કામગીરીનું અને વહીવટી બાબતો તથા

હિસાબોનું ઈન્સ્પેક્શન કરશે. જ્યારે ચાલુ રાખવા અંગેનો અધિકાર ઉ. ગુ. યુનિ. અને રાજ્ય સરકારનો સંયુક્ત રહેશે.

૭. શૈક્ષણિક, બિન શૈક્ષણિક કર્મચારીગણની નિમણુંકની માન્યતા રાજય સરકારના નિયમ મુજબ મેળવી લેવાની રહેશે.

૮. બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી વખતે વયમર્યાદા અંગે રાજ્ય સરકારના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૯. રાષ્ટ્રીય કે રાજયકક્ષાની શિક્ષણ માટેની જે કોઇ નીતિ સરકારશ્રી તરફથી અમલમાં મૂકાય તે સંચાલક મંડળે સ્વીકારવાની રહેશે.

૧૦. સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ, ગ્રામ વિદ્યાપીઠોને શિક્ષણ વિભાગની 'બ' શાખાને ગ્રામ સેવા મહાવિદ્યાલયે મોકલવાનો રહેશે.

૧૧. કૃષિ યુનિ.ના સીધા અભ્યાસક્રમોના ડિપ્લોમા કે સર્ટી. કોર્ષ ચલાવી શકશે નહીં. કૃષિશાસ્ત્રનું એપ્લાઇડ વિજ્ઞાન તરીકે ખેતી - ગોપાલનની માવજત કરી શકાશે.

૧૨. રાજ્ય સરકારશ્રી ગ્રાન્ટને પાત્ર જગાઓ ભરવા માટે કોઇ અગમ્ય કારણોસર એન.ઓ.સી. ન આપે, તો પણ અભ્યાસક્રમની શૈક્ષણિક જરૂરિયાતો સંતોષાય એ માટે મહેકમ પ્રમાણેની જગાઓ નિયત લાયકાતો ધરાવતા ઉમેદવારોથી ભરવાની જવાબદારી સંચાલકોની રહેશે.

૧૩. નિયત ભૌતિક સુવિધાઓ, રૂરલ સ્ટડીઝની વિદ્યાશાખાઓની જરૂરિયાત પ્રમાણે, અભ્યાસક્રમમાં ફેરફારો પ્રમાણે, પરિવર્તન કરવાની રહેશે.

* * * * *

(૧) [illegible]
(૨) [illegible]
(૩) [illegible]
(૪) 25 [illegible]